બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ - ૧

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૬ માર્ચ, ૨૦૧૧)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | )
પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું.
ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

## (વિભાગ - ૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના, અગિયારમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૯)

**પ્ર.૧ નીચે આપેલામાંથી કોઈ પણ બે વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો. (કુલ ગુણ : ૬)**

☞ નોંધ :- દરેક પ્રમાણ દીઠ ૧ ગુણ. સંદર્ભ શાસ્ત્રનું નામ અને ક્રમાંક લખવો ફરજિયાત છે. પ્રમાણમાં ક્યારેક સંસ્કૃત શ્લોક અને ભાષાંતર હોય છે. પરીક્ષાર્થીએ કોઈ પણ એક લખ્યું હોય તો પણ સાચું આપવું.

**૧. સર્વ-કર્તાહર્તા : શ્રીજીમહારાજ (૨/૬)**

**પ્રમાણ-૧** ભગવાન તો સદા સાકાર જ છે ને અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા છે ને સદા પોતાના અક્ષરધામને વિષે વિરાજમાન છે ને રાજાધિરાજ છે ને તે જ આ પ્રત્યક્ષ છે. **(વચ.ગ.અં. ૩૫)**

**પ્રમાણ-૨** સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું. ને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે અને વળી હું કેવો છું તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય, ચન્દ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે. **(વચ.અમ. ૭)**

**પ્રમાણ-૩** ભક્તચિંતામણિમાં શ્રીજીમહારાજ કહે છે :
વળી કહું એક વારતા, સર્વે કીધું આપણું થાય છે, સુખદુઃખ વળી જયપરાજય, યત્કિંચિત જે કહેવાય છે.
જે જે આપણને નવ ગમે, તે જીવ કેમ શકે કરી જુઓ સર્વ જકતમાં, કોણ શકે છે ફેલ આચરી
તે માટે તમે સાંભળો, સત્સંગી સહુ નરનાર; જે જે થાય છે જકતમાં, તેનો બીજો નથી કરનાર. **(ભ.ચિં. પ્ર. ૭૬)**

**પ્રમાણ-૪** મારું ધાર્યું અસત્ય સત્ય થાય છે, સમરથ મારું નામ સહિ,
મારી દૃષ્ટિએ જકત ઊપજે શમે, અનેક રૂપે માયા થઈ. **(ભ.ચિં. પ્ર. ૬૮)**

**પ્રમાણ-૫** ઓરડાના કીર્તનમાં પણ પોતાના કર્તાપણાની વાત સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે. :
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન, સૌને વશ કરું રે, સૌનો પ્રેરક હું ભગવાન
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય, મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય. **(સદ્. પ્રેમાનંદ સ્વામી)**

**૨. સર્વોપરીપણાની નિષ્ઠા આવશ્યક (૪/૨૯)**

**પ્રમાણ-૧** 'જેટલી પોતાના ઈષ્ટદેવ જે પરમેશ્વર તેને વિષે નિષ્ઠા હોય તેટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય છે. **(વચ.ગ.પ્ર.૫૬)**

**પ્રમાણ-૨** 'જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહજે જિતાઈ જશે... પણ ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજ્યામાં કસર રહી તો કોઈ રીતે વાંધો ભાંગશે નહિ.' **(વચ. ગ.મ.૧૩)**

**પ્રમાણ- ૩** 'મહારાજને પુરૂષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ.' **(સ્વા.વા. ૩/૧૨)**

**પ્રમાણ-૪** જ્ઞાનમાર્ગ તો એવો સમજવો, જે કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ... માટે જે સમજુ હોય તેને ભગવાનના વચનમાં તો જેટલું પોતાની સામર્થી પ્રમાણે રહેવાય તેટલું અવશ્ય રહેવું, પણ ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે, સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે. **(વચ. ગ.મ.૯)**

**પ્રમાણ-૫** જે એમ જાણતો હોય ને તેથી જો કદાચિત્ સત્સંગથી બાહેર નીસરી જવાણું તોય પણ તેને ભગવાનની મૂર્તિમાંથી હેત ટળતું નથી. અને તે હમણાં તો સત્સંગથી બાહેર છે પણ દેહ મૂકીને તો અંતે ભગવાનનું જે અક્ષરધામ તેને વિષે ભગવાનને સમીપે જશે. અને હમણે સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રના વચનમાં પણ રહેતો હશે અને તેને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી નહિ હોય તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જશે ને કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જશે પણ તે પુરૂષોત્તમ ભગવાનના ધામને વિષે નહિ જાય.

**પ્રમાણ-૬** તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય. **(વચ. ગ.મ.૯)**

### ૩. ઉપાસનાનું મહત્ત્વ (૧/૧)

**પ્રમાણ-૧** કેટલાક સિદ્ધ થાય છે ને કેટલાક સર્વજ્ઞ થાય છે ને કેટલાક દેવતા થાય છે ઇત્યાદિક અનંત પ્રકારની મોટપ પામે છે તથા પરમપદને પામે છે; એ સર્વે ભગવાનની ઉપાસનાને બળે પામે છે પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી. માટે બીજાં સાધનના બળને તજીને એકલું ભગવાનની ઉપાસનાનું બળ રાખવું. **(વચ. ગ. પ્ર. ૫૬)**

**પ્રમાણ-૨** ઉપાસના વિના આત્મા બ્રહ્મને દેખવાને ઇચ્છવું તે કેમ છે તો, જેમ આકાશને જીભે કરીને સો વર્ષ સુધી ચાટીએ તો પણ ક્યારેય ખાટો, ખારો સ્વાદ આવે જ નહિ, તેમ ભગવાનની મૂર્તિની ઉપાસના વિના આત્મા બ્રહ્મ દેખાય જ નહિ. તે ગમે તેટલું જતન કરે તો પણ ન દેખાય અને નિર્બીજ એવા જે સાંખ્ય અને યોગ તેણે કરીને જે આત્માનું દર્શન શાસ્ત્રમાં કહ્યું છે, તે ભલે કહ્યું છે, પણ અમે એવો કોઈ દીઠો નથી ને અનુભવમાં પણ એ વાર્તા મળતી આવતી નથી; માટે એ વાર્તા ખોટી છે. **(વચ. ગ. અં. ૩૬)**

**પ્રમાણ-૩** મૃત્યુ સમય તો સમુદ્ર જેવો છે; માટે ત્યાં તો આત્મનિષ્ઠાવાળો હોય તથા વગર આત્મનિષ્ઠાવાળો હોય એ બેયને ભગવાનની ઉપાસનારૂપી વહાણનું કામ પડે છે. માટે અંતકાળે તો ભગવાનનો દૃઢ આશરો હોય તે જ કામમાં આવે છે, પણ અંતસમે આત્મનિષ્ઠા કાંઈ કામમાં આવતી નથી. તે સારુ ભગવાનની ઉપાસનાને દૃઢ કરીને રાખવી. **(વચ. ગ. પ્ર. ૬૧)**

**પ્રમાણ-૪** ઉપાસનાથી મોક્ષ છે; ધર્મ, વૈરાગ્ય ને આત્મનિષ્ઠા કાંઈ મોક્ષ કરે તેમ નથી. **(સ્વા. વા. ૫/૧૩૬)**

**પ્રમાણ-૫** આપણી ઉપાસનાથી મોટાઈ છે ને ધર્મમાંથી લડથડે કે બીજાં સાધનમાંથી લડથડે પણ ઉપાસના દૃઢ હોય તો જીવ લડથડે નહિ. **(સ્વા. વા. ૫/૭૦)**

**પ્રમાણ-૬** ભગવાનની ઉપાસનાનું બળ હોય તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તો પણ એમ સમજે જે દેહ પડી જાશે ને આપણે ભગવાનના ધામમાં જાશું એમ સમજીને સુખિયો રહે. **(સ્વા. વા. ૧/૫૬)**

### ૪. દિવ્યભાવ સમજવાની આવશ્યકતા (૩/૨૧)

**પ્રમાણ-૧** ક્ષર અક્ષરથી પર એવા જે પુરુષોત્તમ ભગવાન છે, તે જ્યારે જીવના કલ્યાણને અર્થે બ્રહ્માંડને વિષે મનુષ્ય જેવી મૂર્તિ કરીને વિચરે છે ત્યારે સર્વે મનુષ્યના જેવાં જ ચરિત્ર કરે છે અને જેમ મનુષ્યને વિષે હારવું, જીતવું, ભય, શોક, કામ, ક્રોધ, લોભ, મોહ મદ, મત્સર, આશા, તૃષ્ણા ઈર્ષા ઇત્યાદિક માયિક સ્વભાવ હોય તેવા જ સ્વભાવ ભગવાન પણ પોતામાં દેખાડે છે તે સર્વે જીવના કલ્યાણને અર્થે છે. પછી જે ભક્ત હોય તે તો એ ચરિત્રને ગાઈને પરમપદ ને પામે છે. **(વચ. ગ.પ્ર.૭૨)**

**પ્રમાણ-૨** ભગવાને ગીતામાં કહ્યું છે જે, जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन । એ શ્લોકનો એમ અર્થ છે જે, 'હે અર્જુન ! મારાં જન્મ ને કર્મ તે દિવ્ય છે. તેને જે દિવ્ય જાણે તે દેહને મૂકીને ફરી જન્મને નથી પામતો, મને જ પામે છે.' માટે જે ભગવાન દિવ્ય ચરિત્ર કરે તે તો ભક્ત ને અભક્ત બેયને દિવ્ય જણાય, પણ જ્યારે ભગવાન મનુષ્યના જેવાં પ્રાકૃત ચરિત્ર કરે તો પણ તેને વિષે જેને દિવ્યપણું જ જણાય, પણ કોઈ રીતે ભગવાનનાં તે ચરિત્રમાં અભાવ આવે નહિ અને જેની બુદ્ધિ હોય તેને પરમેશ્વરની ભક્તિ કહેવાય અને એવી ભક્તિ કરે તે જ ભક્ત કહેવાય. અને એ શ્લોકમાં કહ્યું જે ફળ તે આવા ભક્તને જ થાય છે...... માટે જે જે ભગવાન ચરિત્ર કરે તે સર્વેને ગોપીઓની પેઠે દિવ્ય જાણે, પણ કોઈ રીતે પ્રાકૃત જાણીને અભાવ તો આવે જ નહિ. એવી જે ભક્તિ તે તો મહાદુર્લભ છે.... અને એવી ભક્તિ છે તે જ પરમપદ છે. માટે આવી રીતની ભક્તિ તે જ્ઞાન, વૈરાગ્ય થકી અધિક છે. અને જેના હૃદયને વિષે આવી રીતની ભક્તિ હોય તેને ભગવાનને વિષે પ્રીતિમાં શું બાકી છે ? કાંઈ બાકી નથી.'' **(વચ.ગ. મ. ૧૦)**

**પ્રમાણ-૩** પરમેશ્વર ગમે તેવાં ચરિત્ર કરે તો પણ તેને કોઈ રીતે ભગવાનને વિષે દોષ ભાસતો જ નથી એવો જેને મહિમાએ સહિત ભગવાનનો નિશ્ચય હોય તે નિર્ભય થઈ ચૂક્યો. **(વચ. વર. ૧૨)**

**પ્રમાણ-૪** 'પોતામાં ગમે તેવા ભૂંડા સ્વભાવ હોય ને જો ભગવાનને અતિશય નિર્દોષ સમજે તો પોતે પણ અતિશય નિર્દોષ થઈ જાય છે.' **(વચ. ગ. પ્ર.૨૪)**

**પ્રમાણ-૫** ભગવાનનાં સ્વરૂપને વિષે કોઈ પ્રકારે માયિકભાવ નથી, અને એ ભગવાન તો માયા ને માયાનું કાર્ય જે ત્રણ ગુણ તે થકી પર છે. એવો જેને ભગવાનનો દૃઢ નિશ્ચય થયો તે ભગવાનની માયાને તરી ચૂક્યો છે અને પોતામાં તો માયાના ગુણનું કાર્ય જે ભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ ને દેવતા તે પોતપોતાની ક્રિયાને વિષે પ્રર્વતે છે તો પણ એ માયાને તર્યો કહેવાય. **(વચ. વર. ૫)**

**પ્રમાણ-૬** એ (ભગવાન) તો સમર્થ છે. તે જેમ કરતા હશે તે ઠીક કરતા હશે. એવી રીતે ભગવાનને નિર્દોષ સમજે તો માયાને તર્યા કહેવાય. **(વચ. લો.૪)**

**પ્રમાણ-૭** ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું (દિવ્ય) રહ્યું છે તેવું જ (દિવ્ય) પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે પણ તે સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય અને તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય. અને એમ જે જાણે તેને જ્ઞાની ભક્ત કહીએ ને તેને એકાંતિક ભક્ત કહીએ. અને આવી રીતે જેને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપની દૃઢ ઉપાસના હોય ને તેને ભગવાનના સ્વરૂપમાં કોઈ દિવસ માયિકપણાનો સંશય ન થતો હોય ને તેને કદાચિત્ કુસંગને યોગે કરીને અથવા પ્રારબ્ધ કર્મને યોગે કરીને કાંઈ અવળું વર્તાઈ જાય તો પણ તેનું કલ્યાણ થાય. **(વચ. પં ૭)**

**પ્રમાણ-૮** ગુણાતીતાનંદ સ્વામી કહે છે : દિવ્યભાવ અને મનુષ્યભાવ એક થઈ જાય ત્યારે ભગવાન ભજવાનું સુખ આવે. **(સ્વા.વા. ૫-૧૦૧)**

**પ્રમાણ-૯** ભગવાનને નિર્દોષ સમજ્યાથી નિર્દોષ થઈ રહ્યો છે. **(સ્વા. વા. ૫-૧૨૫)**

**પ્રમાણ-૧૦** ભગવાનનું સ્વરૂપ નિર્દોષ સમજવું ને મોટા એકાંતિક સાધુને પણ એમ સમજવા તે બરોબર કોઈ સાધન નથી. **(સ્વા. વા. ૨/૧૭૨)**

**પ્રમાણ-૧૧** અતિશય જે મોટા પુરુષ હોય (ગુણાતીત સંત) તેને જે અતિશય નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તે નિષ્કામી થાય.... અને જો મોટા પુરુષને અતિશય નિષ્કામી, નિર્લોભી, નિ:સ્વાદી, નિર્માની, નિ:સ્નેહી સમજે તો પોતે પણ એ સર્વ વિકારથી રહિત થઈ જાય અને પાકો હરિભક્ત થાય. **(વચ.ગ.પ્ર.૫૮)**

**પ્રમાણ-૧૨** મોટાપુરૂષને વિષે જે નિર્દોષબુધ્ધિ રાખે છે તે પોતે સર્વ દોષ થકી રહિત થાય છે. **(વચ.ગ.પ્ર. - ૭૩)**

**પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ : ૫)**

૧. ઊલટી ગંગા ન હોય. આજ સુધી ગંગા ઊલટી હતી તે આજે સવળી થઇ છે.

**જ. અન્ય પરમહંસોએ કહેલો સ્વામીનો અસાધારણ મહિમા** (૬/૧૩૩)

૨. एकमेवाद्वितीयं ब्रह्म

**જ. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ : એક અને અદ્વિતીય** (૪/૪૬)

૩. निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम्। विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥

**જ. અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની સ્વામી-સેવક ભાવે ઉપાસના** (૬/૯૬)

૪. ''ચાર વેદ-પુરાણ ઇતિહાસ એ સર્વેમાં એ જ વાર્તા છે જે ભગવાન ને ભગવાનના સંત જ કલ્યાણકારી છે.

**જ. મોક્ષ માટે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત** (૫/૭૩)

૫. ''જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે.''

**જ. પરબ્રહ્મને તત્ત્વે સહિત ઓળખવા માટે** (૬/૧૦૧)

**પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૪ (૩/૧૦, ૧૧)  ૨. ૧, ૩, ૪ (૫/૭૨, ૭૩)

**પ્ર.૪ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક વર્ણવી સિદ્ધાંત લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : પ્રસંગના ૩ ગુણ અને સિદ્ધાંતનો ૧ ગુણ આપવો.**

**૧. કોટિ કૃષ્ણ જોડે હાથ, કોટિ વિષ્ણુ નમે માથ (૬/૧૧૬)**

આ.સં. ૧૮૬૮માં સારંગપુરમાં રાઠોડ ધાધલને ઘેર શ્રીજી મહારાજે રંગોત્સવ કર્યો અને સંતો સાથે રાસ લીધો. મહારાજે આ પ્રસંગે કબીર રચિત હોરીનું પદ ગાવા લાગ્યા.

'જોગીયા ટાળત જનમ કેરા ફાંસલા રે, પ્રેમના પ્યાલા જોગીઆ, જુગ જુગ જીવો સો જોગીઆ ..'

કોટિ કૃષ્ણ જોડે હાથ, કોટિ વિષ્ણુ નમે માથ, કોટિ શંકર ધરે ધ્યાન, કોટિ બ્રહ્મા કથે જ્ઞાન, સદ્‌ગુરુ ખેલે વસંત ....

શ્રીજીમહારાજે આ પદ ગાઈને સંતોને પૂછ્યું, 'એવા સદ્‌ગુરૂ કોણ ?' પ્રથમ જ્યારે લોજ અને માંગરોળમાં આવા પ્રસંગે મહારાજે કહેલું કે એવા સદ્‌ગુરૂ અમે છીએ તે પ્રમાણે સંતોએ જ્યારે કહ્યું કે 'એવા સદ્‌ગુરૂ તો આપ છો.' ત્યારે શ્રીજીમહારાજે આ પ્રસંગે કહ્યું, 'અમે તો સર્વોપરી પુરૂષોત્તમ નારાયણ છીએ અને આ પદમાં જે મહિમા સદ્‌ગુરુનો કહ્યો તે તો આ ગુણાતીતાનંદ સ્વામી છે. આ અનાદિ સદ્‌ગુરુ એવા ગુણાતીતાનંદ સ્વામી તે ધામરૂપે અમને અને અનંત કોટિ મુક્તોને ધારી રહ્યા છે અને સાકાર રૂપે અક્ષરધામમાં અને અહીં અમારી સાથે અમારી સેવામાં સર્વોપરી ઉપાસના પ્રર્વતાવવા સારુ સદ્‌ગુરુ રૂપે પ્રગટ થયા છે.'

**સિદ્ધાંત:-** આ પ્રસંગે શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીની સૌને ઓળખાણ કરાવી પૂર્ણ પુરૂષોત્તમનારાયણ પોતે જે ધામમાં નિવાસ કરતાં હોય તેવા પોતાના ધામરૂપ અક્ષરને તેઓ જ ઓળખાવી શકે.

**૨. શીતળદાસને થયેલ સર્વોપરીપણાનો નિશ્ચય (૪/૪૬)**

શીતળદાસ નામે મુમુક્ષુ બ્રાહ્મણ રામાનંદ સ્વામીની ખ્યાતિ સાંભળી તેમનાં દર્શન કરવા આવ્યા. પરંતુ રામાનંદ સ્વામી થોડા દિવસ પહેલાં જ અંતર્ધાન થયા છે તે સમાચાર સાંભળીને અત્યંત નિરાશ થઈ ગયા. તેથી તેમણે પાછા જવાનો વિચાર કર્યો. તેવામાં શ્રીજીમહારાજે તેને સમાધિ કરાવી જેમાં ચોવીસે અવતારો અને રામાનંદ સ્વામી શ્રીજીમહારાજની સ્તુતિ કરે છે તેવાં તેને દર્શન થયાં. સમાધિ અવસ્થામાં જ તેમણે શ્રીજીમહારાજની પ્રેમથી પૂજા કરી, પરંતુ પછી તેમને અક્ષરધામના અનંત મુક્તોની પૂજા કરવાની ઈચ્છા થઈ. તેમની આ ઈચ્છા જાણી શ્રીજીમહારાજને સંકલ્પ કરવા કહ્યું કે ''આ એક એક અવતાર અને રામાનંદ સ્વામી પુરુષોત્તમ હોય તો મારાં અનંત સ્વરૂપ થાઓ.'' પણ તેમ સંકલ્પ કરવા છતાં તેમનાં અનેક સ્વરૂપો ન થયાં. પછી મહારાજે કહ્યું 'ચિંતવન એવું મુજ વિષે, હવે કરો કહે પરમેશ.' ''શ્રીજીમહારાજ પુરુષોત્તમ હોય તો મારાં અનંત સ્વરૂપ થાઓ.'' એમ સંકલ્પ કરતાં જ તેમનાં અનંત રૂપ થયાં અને તેમણે અનંત મુક્તોની એકીસાથે પૂજા કરી. સમાધિમાંથી બહાર આવીને શીતળદાસે

મહારાજની સ્તુતિ કરી. તેમને શ્રીજીમહારાજનો સર્વોપરી નિશ્ચય થયો. તેથી તેમને જગત ખોટું થઈ ગયું. અને તેઓ મહારાજ પાસે દીક્ષા લઈ પરમહંસ બની ગયા. મહારાજે તેમનું નામ વ્યાપકાનંદ સ્વામી પાડ્યું. 'સર્વ અવતાર એમાં સમાય, પોતે કોઈમાં લીન થાય, એવી વાત કહી જેહ વાર, થયા લીન બધા અવતાર, સરિતાઓ મળે તે સાગરમાં, મળ્યા અવતાર સૌ હરિવરમાં.' (હરિલીલામૃતઃ ૫-૩) **સિદ્ધાંત :-** પૂર્ણ પુરૂષોત્તમ નારાયણ હોય તે જ મુમુક્ષુને અનંત રૂપ ધરાવી શકે. અને તેમની કૃપા હોય તો જ પોતાનો આવો સર્વોપરી નિશ્ચય કરાવે.

૩. **કેશવજીવનદાસે કહ્યું, ''સૌ મને કહે છે કે તારું કલ્યાણ નહીં થાય.''** (૬/૧૨૬)

સં.૧૯૦૬ના ફાગણ માસમાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી નાવલી પધાર્યા. અહીં એક હિંદુસ્તાની સાધુ કેશવજીવનદાસજી હતા. તેમણે દંડવત્ કરી રડતાં રડતાં સ્વામીને કહ્યું કે ''હું અમદાવાદ દેશનો છું છતાં આપની પાસે વડતાલ રહું છું તેથી સૌ મને કહે છે કે તારું કલ્યાણ નહીં થાય.'' ત્યારે સ્વામીએ તેને ધીરજ આપતાં કહ્યું : ''તું શા માટે મૂંઝાય છે ? હું તને છતી દેહે અક્ષરધામમાં બેસારીશ.'' એ જ સાલમાં ચૈત્ર માસમાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વરતાલ પધાર્યા ત્યારે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામી તરફ આગળી ચીંધીને કહ્યું કે ''મેં તને છતી દેહે અક્ષરધામમાં બેસારીશ એમ કહ્યું હતું તે વાત યાદ છે ને ? આ ગુણાતીતાનંદ સ્વામી શ્રીજીમહારાજના અક્ષરધામનો અવતાર છે. તેઓ તને મહારાજના સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન કરાવશે. તેમની પાસે રહેજે. વાતો કરતાં તેમનું માથું દુખતું નથી અને મારું તો માથું દુઃખી જાય છે.

**સિદ્ધાંત :-** કોઈપણ દેશમાં હોય પણ બ્રહ્મ અને પરબ્રહ્મની યથાર્થ ઓળખાણ થાય તો કલ્યાણમાં કાંઈ બાકી રહેતું નથી.

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

> ☞ **નોંધ :- (૧) વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું. (૨) ગુણના પ્રમાણમાં સંદર્ભો અને પ્રસંગો હોય તો ચાલે, બધા જ પ્રસંગ લખવા એવું જરૂરી નથી.**

૧. **પ્રગટને ઓળખ્યા વગર કસર** (૫/૭૫)

જીવમાં અનાદિ કાળથી અનંત પ્રકારની કસર રહેલી છે. તે સર્વે ભગવાનના પ્રગટ સ્વરૂપને યથાર્થ ઓળખીને તેમને આશરે જવાથી ટળી જાય છે. શ્રીજીમહારાજ કહે છે, 'ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજ્યામાં કસર રહી તો કોઈ રીતે વાંધો ભાંગશે નહિ. **(વચ.ગ.મ. ૧૩)** 'બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ તેમાં આવીને પરમેશ્વર વિના જેને બીજા પદાર્થમાં હેત રહે છે તેનું કારણ એ છે જે, જેવી એ જીવને પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષને વિષે દૃઢપણે પ્રતીતિ થતી નથી. **(વચ.ગ.અં. ૨)** જે ભગવાનના ભક્તને ભગવાનનો નિશ્ચય પણ પરિપૂર્ણ હોય ને કામ, ક્રોધ, લોભાદિકે કરીને વિક્ષેપને ન પામતો હોય ને અતિશય ત્યાગી ને અતિ વૈરાગ્યવાન ને અતિ આત્મનિષ્ઠાવાળો હોય અને જો તે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ વિના કાંઈક બીજુ ઇચ્છે તો તેને ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે. **(વચ.ગ.અં. ૫)** ગુણાતીતાનંદ સ્વામી કહે છે. 'જેવા મહારાજ છે ને જેવા આ સાધુ છે તેને જેમ છે તેમ ન જાણે તે નિરંતર અભાગિયા છે. કેમ જે, છોતેરાનો મેઘ વરસ્યો ને વુઠે મેહે કાળ પડ્યો ને ગંગામાં નહાયો ને માથું કોરું રાખ્યું ! અને એમ જાણ્યા વિના આ સત્સંગમાં રહ્યા છે, તે તો જેમ છોકરાં, વાછરડાં રહ્યાં છે એમ રહ્યા છે. **(સ્વા.વા. ૩/૩૫)** ગમે તેવો શાસ્ત્રી હોય કે ગમે તેવો પુરાણી હોય, પણ આ પ્રત્યક્ષ ભગવાન ને આ પ્રત્યક્ષ સંત તેની ઓળખાણ જો ન હોય તો તે ખીજડા જેવો છે. ને તેને સંગે ટાઢું કે સુખ થાય જ નહિ. **(સ્વા.વા. ૩/૬૮)** આજ તો પ્રગટ ભગવાન છે. પ્રગટ સાધુ છે, પ્રગટ ધર્મ છે. તે આ સમામાં જેને નહિ ઓળખાય તેને પછવાડેથી માથું કૂટવું પડશે. **(સ્વા.વા. ૪/૫૦)** સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી કહે છે :

પરોક્ષથી ભવતણો પાર આવે નહિ, વેદ વેદાંત કહે સત્ય વાણી

મંગળ રૂપ પ્રગટને મેલી, પરોક્ષને ભજે જે પ્રાણી રે, તપ તીરથ કરે દેવ દેરાં, મન ન ટળે મસાણી રે.

પ્રગટ ભગવાનના સ્વરૂપને મૂકીને પરોક્ષ ભક્તિ તથા વ્રત, તપ, તીર્થ, દેવદર્શન કરવા છતાં મન અમન થતું નથી. 'કોઈ કહે હરિ હો ગયે, કોઈ કહે હરિ હોવન હાર; મુક્ત પ્રગટ કી પ્રીછ બિન, ભટકત સબ સંસાર.'

શાસ્ત્રમાં ભગવાનની વાતો લખી હોય તે વાંચે કે તેનું વર્ણન સાંભળે પણ તેથી નથી કોઈ સુખ આવતું કે નથી કોઈ ખોટ ટળતી. તે માટે પ્રભુ પ્રગટ જ જોઈએ. નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

વાંચી કાગળ કોઈ કંથનો જેમ નાર અપાર રાજી થઈ,

પણ પ્રગટ સુખ પિયુતણું, અણું જેટલું આવ્યું નઈ. (નિ.કા. ભક્તિનિધિ -૧૪)

તેમ પ્રગટ પ્રભુને પરહરી, પરોક્ષમાં કરે પ્રતીત,

તે તો પીયૂષનો તરુ પરહરી, કરી છાશ પીવા ચાહે ચિત્ત. (નિ.કા. સારસિદ્ધિ - ૪૭)

પ્રગટ ભજી ઋષિપતની.....વણ સમજે ચાટે છે સઘળાં. (નિ.કા. સારસિદ્ધિ - ૨૪)

સદ્. બ્રહ્માનંદ સ્વામી કહે છે : 'પ્રગટ પ્રમાણ હરિબીન ...... જગત ભરમંતા હૈ.

૨. **સાકાર સ્વરૂપમાં રુચિ** (૩/૯)

ઉપાસનાની સમજણ જે શ્રીજીમહારાજે પોતે પ્રર્વતાવી છે તેમાં ભગવાનના સાકાર સ્વરૂપમાં પોતાની રુચિ બતાવે છે. નિરાકારપણામાં પોતાની રૂચિ જણાવતા નથી. શ્રીજીમહારાજ **(વચનામૃત ગ.પ્ર.૭૧માં)** કહે છે 'અમે પણ એ જ પક્ષ (રામાનુજાચાર્યે જે સાકારપણે ભગવાનનું પ્રતિપાદન કર્યુ છે તે)નું ગ્રહણ કરીએ છીએ. શ્રીજીમહારાજ કહે છે કે 'અમારે સાકારપણાની દૃઢ પ્રતીતિ છે, તે કેટલાક વેદાંતના ગ્રંથો વંચાવ્યા અને સાંભળ્યા તો પણ પ્રતીતિ ટળી નહિ.' **(ગ.મ.૩૯)** આ

ભગવાન ને ભગવાનના ભક્ત તે સદા સાકાર જ છે એમ સમજતો હોય અને ગમે તેવા વેદાંતીના ગ્રંથ સાંભળે પણ ભગવાન ને ભગવાનના ભક્તને નિરાકાર સમજે જ નહિ... એવી જેને ભગવાનને વિષે સાકારપણાની દૃઢ પ્રતીતિ હોય ને તે જેવો હોય તો પણ એ અમને ગમે છે. **(ગ.પ્ર.૩૭)** જેને આવી સાકારપણાની નિષ્ઠા છે તેને જ મહારાજે ઉપાસનાવાળો કહ્યો છે. 'ભગવાનના સ્વરૂપને વિષે સદા સાકારપણાની નિષ્ઠા દૃઢ હોય અને પોતે બ્રહ્મરૂપ થાય તો પણ તે નિષ્ઠા જાય જ નહિ. અને ગમે તેવા નિરાકારના પ્રતિપાદનવાળા ગ્રંથને સાંભળે તો પણ ભગવાનના સ્વરૂપને સદા સાકાર જ સમજે અને શાસ્ત્રને વિષે ગમે તેવી વાત આવે તો પણ પોતે ભગવાનના સાકાર સ્વરૂપનું જ પ્રતિપાદન કરે પણ પોતાની ઉપાસનાનું ખંડન થવા દે જ નહિ. એવી રીતે જેની દૃઢ સમજણ હોય તેને જ ઉપાસનાવાળો કહીએ. **(ગ.પ્ર.૪૦)** પણ જો ભગવાનને સાકાર ન સમજે તો તેની ઉપાસના પણ દૃઢ ન કહેવાય. **(ગ.અં.૩૫)** માટે ભગવાનના આકારનું ખંડન ક્યારેય ન કરવું. **(ગ.પ્ર.૭૧)** શ્રીજીમહારાજના સ્વમુખના આ સર્વે વચનો પરથી સ્પષ્ટપણે જણાય છે કે શ્રીજીમહારાજને પોતાને સાકારપણામાં દૃઢ પ્રતીતિ ઉપરાંત રુચિ પણ છે. આમ, શ્રીજીમહારાજને પોતાને તો સાકારપણાની પ્રતીતિ છે જ, પણ પોતાના આશ્રિતો પણ સાકારપણાની પ્રતીતિ રાખે તે માટે, આવી નિષ્ઠાથી ગમે તેવા પાપ બળી જશે અને કલ્યાણ થશે તે લાભ જણાવીને સાકારપણાની પ્રતીતિ રાખવા પોતાના આશ્રિતોને આજ્ઞા કરે છે. ભગવાનને સાકાર જાણીને નિષ્ઠા રાખી હોય ને કદાચિત, તેથી કંઈક પાપ થઈ ગયું હોય તો એનો શો ભાર છે ? એ પાપ તો ભગવાનને પ્રતાપે કરીને સર્વે બળી જશે. અને એ જીવ ભગવાનને પામશે. માટે ભગવાનના આકારને વિષે દૃઢ પ્રતીતિ રાખીને એની દૃઢ ઉપાસના કરવી, એમ અમે તમને સર્વેને કહીએ છીએ. તે આ વાર્તાને સર્વે દૃઢ કરીને રાખજ્યો. **(ગ.મ.૩૯)** કદાચ કોઈ કાચી મતિવાળો હોય અને અતિ દૃઢપણે સાકારપણાની પ્રતીતિ ન હોય અને તેને નિરાકારપણાના શબ્દોની અસર ન થાય તે માટે શ્રીજીમહારાજ આજ્ઞા કરે છે, જે શાસ્ત્રમાં ભગવાનનું સાકારપણું પ્રતિપાદન ન કર્યું હોય તે તે ગ્રંથ શુધ્ધ વેદાંતના હોય અને નિરાકારનું પ્રતિપાદન કરતા હોય તો પણ તે ગ્રંથ કોઈ દિવસ ભણવા નહિ. અને સાંભળવા પણ નહિ. **(લો. ૬)** તથા નિરાકારપણાની પ્રતીતિવાળા શુષ્ક વેદાંતીનો સંગ કરવાની ના પાડી છે. આ રીતે ભગવાનના સાકાર સ્વરૂપમાં શ્રીજીમહારાજે પોતાની રુચિ સ્પષ્ટ રજૂ કરી છે. સાથે સાથે નિરાકારની સમજણ તરફ પણ પોતાનો સ્પષ્ટ અણગમો બતાવ્યો છે. 'અમે શુષ્કજ્ઞાનીનો મત જાણવા સારુ તેના શાસ્ત્રનું શ્રવણ કર્યું, તે શ્રવણમાત્ર કરીને જ અમારા અંતરમાં આવો ઉદ્વેગ થઈ આવ્યો.'' **(ગ.મ.૧૯)**

### ૩. અનન્ય નિષ્ઠા છતાં સર્વનો આદર (૪/૬૨)

શ્રીજીમહારાજે સર્વ દેવો, આચાર્યો અને અવતારો પ્રત્યે અત્યંત આદરભાવ રાખ્યો છે. શ્રીજીમહારાજે સર્વ દેવ મંદિરોમાં તે તે દેવનાં સ્વરૂપો પધરાવી તેમનો આદર કર્યો છે, પણ પોતાના ઈષ્ટદેવને વિષે અનન્ય નિષ્ઠા અને પતિવ્રતાની ટેક એ સાચા ઉપાસકનું લક્ષણ છે, એ વાત પર એમણે ખૂબ ભાર મૂક્યો છે. શ્રીજીમહારાજ કહે છે, 'જેમ પતિવ્રતા સ્ત્રી હોય તે પોતાના પતિના જેવી બીજા પુરુષમાત્ર સંગાથે લેશમાત્ર પ્રીતિ ન હોય અને પોતાના પતિના જેવો બીજા પુરુષનો ગુણ પણ ન આવે અને પોતાના પતિની મરજી પ્રમાણે જ વર્તે એવી રીતે પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિ સંગાથે દૃઢ ટેક છે તેમજ ભગવાનના ભક્તને પણ તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પ્રીતિ થાય નહિ. **(વચ. અં. ૧૬)** શિક્ષાપત્રી ૧૧૩માં શ્રીજીમહારાજે ભગવાનની ભક્તિ આ પૃથ્વીને વિષે સર્વે મનુષ્યોએ કરવી. એમ કહ્યું છે. તેમાં સાચા મુમુક્ષુઓએ સર્વોપરી પ્રાપ્તિનું બળ જરૂર રાખવાનું છે, પરંતું માહાત્મ્યના કેફથી છકી જઈ કોઈ દેવ દેવી કે અવતારોની નિંદા કરવાની સ્પષ્ટ ના કહી છે એટલું જ નહિ પણ એવો ભાવ બતાવનાર પ્રત્યે અણગમો પણ બતાવ્યો છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અ.પુ.મંદિરોમાં અવતારોની મૂર્તિઓ પધરાવી છે તેમજ ધ્રુવ, પ્રહલાદ, શુક સનકાદિક નારદ, ગોપીઓ જેવા ભક્તોનાં જીવનમાંથી પ્રેરણા મળે અને ભક્તિ દૃઢ થાય તેથી શ્રીમદ્ભાગવત્‌ની કથા પણ કરતા ને કરાવતા. અનેક જીવો મહારાજનાં સ્વરૂપને ઓળખે તેમાં જોડાય તેમની ભક્તિ કરે એવી પરમ કલ્યાણકારી દૃષ્ટિ રાખી મહારાજના સંતો, પરમહંસો, અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્મસ્વરૂપ પ્રાગજીભક્ત, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે અવિરત પરિશ્રમ કર્યો છે. વર્તમાનકાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજી - પ્રમુખસ્વામી મહારાજ પણ અવિરત વિચરણ કરી દેશદેશમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની વિજયપતાકા લહેરાવી રહ્યા છે. જેમને સાચી જ્ઞાનદૃષ્ટિ છે એ એવી કોઈ અહંવૃત્તિ ધારતા નથી કે મારું જ શ્રેષ્ઠ છે, પરંતુ જે સારું છે તે મારું છે એમ સમજી ગુણગ્રાહક દૃષ્ટિ રાખી કાર્ય કરે છે.

### ૪. ઉત્પત્તિ સર્ગ (૪/૪૧)

શ્રીજીમહારાજે ઉત્પત્તિ સર્ગ સમજાવતાં જુદા જુદા દેવો, ઈશ્વરો વગેરેની ઉત્પત્તિ, તેમનું સ્થાન વગેરે સ્પષ્ટ કર્યું છે. શ્રીજીમહારાજ કહે છે... 'વેદ, પુરાણ, ઈતિહાસ ને સ્મૃતિઓ એ સર્વ શાસ્ત્રમાંથી અમે એ સિદ્ધાંત કર્યો છે જે, જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરમેશ્વર એ સર્વે અનાદિ છે અને માયા છે તે તો પૃથ્વીને ઠેકાણે છે. અને પૃથ્વીમાં રહ્યાં જે બીજ તેને ઠેકાણે જીવ છે. અને ઈશ્વર તો મેઘને ઠેકાણે છે તે પરમેશ્વરની ઈચ્છાએ કરીને પુરુષરૂપ જે ઈશ્વર તેનો માયા સંગાથે સંબંધ થાય છે ત્યારે જેમ મેઘના જળના સંબંધે કરીને પૃથ્વીમાં હતાં જે બીજ તે સર્વે ઊગી આવે છે, તેમ માયામાંથી અનાદિ કાળના જીવ હતા તે ઉદય થઈ આવે છે, પણ નવા જીવ થતા નથી, માટે જેમ ઈશ્વર અનાદિ છે તેમ માયા પણ અનાદિ છે ને તે માયાને વિષે રહ્યા જે જીવ તે પણ અનાદિ છે પણ એ જીવ પરમેશ્વરના અંશ નથી, એ તો અનાદિ જીવ જ છે. તે જીવ જ્યારે પરમેશ્વરને શરણે જાય ત્યારે ભગવાનની માયાને તરે ને નારદ સનકાદિકની પેઠે બ્રહ્મરૂપ થઈને ભગવાનના ધામમાં જાય છે ને ભગવાનનો પાર્ષદ થાય છે. એવી રીતે અમારો સિદ્ધાંત છે.' **(વચ.ગ.અં. ૧૦)** અને જ્યારે બ્રહ્માંડોનો પ્રલય થઈ જાય છે ત્યારે આ પ્રગટ ભગવાન છે તે જ એ રહે છે અને પછી સૃષ્ટિ રચવાને સમે પણ પ્રકૃતિપુરુષ દ્વારે કરીને અનંત કોટિ બ્રહ્માંડોને એ જ ઉપજાવે છે. **(વચ.ગ.પ્ર. ૫૬)** આ પ્રમાણે ઉત્પત્તિ અને પ્રલય તે ભગવાન સ્વામિનારાયણને આધીન છે. ત્યાં શ્રુતિવાક્યનું પ્રમાણ છે. तदैक्षत । बहु स्यां प्रजायेयेति ।

**(છાંદોગ્યોપનિષદ ૬-૨-૩)** ઉત્પત્તિક્રમ શ્રીજીમહારાજ આ રીતે સમજાવે છે, 'અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે સૃષ્ટિ સમયને વિષે અક્ષર સામે દૃષ્ટિ કરે છે ત્યારે તે અક્ષરમાંથી પુરુષ પ્રગટ થઈ આવે છે. પછી તે પુરુષોત્તમ જે તે અક્ષરમાં પ્રવેશ કરીને પુરુષને વિષે પ્રવેશ કરે છે ને પુરુષ રૂપે થઈને પ્રકૃતિને પ્રેરે છે, એવી રીતે જેમ જેમ પુરુષોત્તમનો પ્રવેશ થતો ગયો તેમ તેમ સૃષ્ટિની પ્રવૃત્તિ થઈ અને પછી તે પ્રકૃતિપુરુષ થકી પ્રધાનપુરુષ થયા અને તે પ્રધાનપુરુષ થકી મહતત્ત્વ થયું. ને તે મહતત્ત્વ થકી ત્રણ પ્રકારનો અહંકાર થયો ને અહંકારથી ભૂત, વિષય, ઈન્દ્રિયો, અંતઃકરણ અને દેવતા તે થયાં. ને તે થકી વિરાટપુરુષ થયા અને તેના નાભિકમળમાંથી બ્રહ્મા થયા ને તે બ્રહ્મા થકી મરીચ્યાદિક પ્રજાપતિ થયા ને તે થકી કશ્યપ પ્રજાપતિ થયા ને તે થકી ઈન્દ્રાદિક દેવતા થયા ને દૈત્ય થયા અને સ્થાવર જંગમ સર્વ સૃષ્ટિ થઈ.' **(વચ.ગ.પ્ર. ૪૧)** આ પ્રમાણે પરબ્રહ્મ-પરમાત્મા જ્યારે આ સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઈચ્છા કરે છે ત્યારે પોતાના અનાદિ સેવક અક્ષર સામી દૃષ્ટિ કરે છે. અક્ષર પોતાના સ્વામી જે પરબ્રહ્મ પુરુષોત્તમ તેમની ઈચ્છા જાણીને પુરુષ (અક્ષરમુક્ત-પુરુષ)સામું દૃષ્ટિ કરી તેને પુરુષોત્તમના સંકલ્પની જાણ કરી તેને ઉત્પત્તિ માટે પ્રેરે છે. આથી તે અક્ષરાત્મક મુક્તપુરુષ પરબ્રહ્મની ઈચ્છા હોવાથી મહામાયા સાથે જોડાઈ માયામાં પ્રલયકાળે જે અનંત પ્રધાન (સ્ત્રી) અને પુરુષ લીન હતાં તેમને વ્યક્ત કરે છે. (કાર્યોન્મુખ કરે છે.) અને તે દ્વારા સમગ્ર બ્રહ્માંડની રચના કરાવે છે. આ અક્ષરાત્મક પુરુષ પ્રકૃતિને પ્રેરે છે કહેતા પુરુષરૂપે થઈને મહામાયાને વિષે પોતાની શક્તિને પ્રેરે છે. માયા પોતાની સામ્યાવસ્થામાંથી ચલિત થાય છે. પુરુષ ને પ્રકૃતિના સંયોગથી અનંત પ્રધાન અને પુરુષનાં જોડેલાં, અનંત બ્રહ્માંડના સર્જન માટે ઉત્પન્ન થાય છે. આવી રીતે જેમ જેમ પુરુષોત્તમનો પ્રવેશ થતો ગયો તેમ તેમ સૃષ્ટિની પ્રવૃત્તિ થતી ગઈ. ઉપર કહ્યા જે અક્ષરાત્મક પુરુષ અથવા અક્ષરધામના બ્રહ્મરૂપ મુક્ત તે નિરન્ન છે ને મુક્ત છે ને બ્રહ્મ છે ને માયાના કારણ છે. તે માયાને વિષે લોમપણે (સન્મુખ) વર્તે છે તો પણ એને માયાનો બાધ થતો નથી ને માયાને વિષે એને ભોગની ઈચ્છા નથી. એ તો પોતે બ્રહ્મસુખે સુખિયા છે ને પૂર્ણકામ છે. **(વચ.ગ.મ. ૩૧)** શાસ્ત્રોમાં ઘણુંખરું આ પુરુષને જ પુરુષોત્તમ કહ્યા છે તેથી પરબ્રહ્મ પુરુષોત્તમ નોખા છે તેવો ખ્યાલ આવતો નથી અને સમજણમાં ભ્રમ થઈ જાય છે પરંતુ શ્રીજીમહારાજ તો વચનામૃતમાં સ્પષ્ટપણે સમજાવે છે : 'જેમ આ જીવને વિષે વૈરાજપુરુષ-ઈશ્વરને વિષે ભેદ છે અને વળી જેમ ઈશ્વરને વિષે ને પુરુષને વિષે ભેદ છે, તેમ પુરુષને પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેને વિષે એવો ઘણો ભેદ છે ને પુરુષોત્તમ વાસુદેવ તો સર્વના સ્વામી છે અને એવા અક્ષરાત્મક પુરુષ ઘણાક છે. તે જે તે વાસુદેવનાં ચરણારવિંદની ઉપાસના કરે છે ને સ્તુતિ કરે છે... તે એવી રીતે વાર્તા અમે ઘણીક વાર કરી છે પણ એનું મનન કરીને સારી પેઠે પોતાના અંતરમાં ઘેડ્ય બેસારતા નથી એટલે શાસ્ત્રના શબ્દને સાંભળીને સમજણમાં ઠા રહેતો નથી.' **(વચ.ગ.મ. ૩૧)** આ રીતે સૃષ્ટિનો ક્રમ જોતાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એવા શ્રીજીમહારાજ સૌના પ્રેરક, અંતર્યામી અને કારણ છે તે સ્પષ્ટ સમજાય છે. પોતાના કર્તાપણાની વાત સમજાવતાં શ્રીજીમહારાજની જ શ્રીમુખની વાણી સાંભળી પ્રેમાનંદ સ્વામીએ ઓરડાના કીર્તનમાં લખ્યું કે :

જીવ ઈશ્વર તણો રે માયા કાળ પુરુષ પ્રધાન, સૌને વશ કરું રે સૌનો પ્રેરક હું ભગવાન;

અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય, મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય. **(સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી)**

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું.**

**૧. શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને ગામડે ફરવા મોકલ્યા. (૫/૭૦)**

મુક્તાનંદ સ્વામીએ એક વખત શ્રીજીમહારાજને શાંતિ પામવાનો ઉપાય પૂછ્યો. મહારાજે તેમના પોતાના જન્મથી માંડીને બધાં ચરિત્રોની વાત કરી. પણ મુક્તાનંદ સ્વામીને સમજાયું કે મહારાજ બીજી વાતે ચડી ગયા છે. બીજે દિવસે ફરી પૂછ્યું ત્યારે મહારાજે ફરીથી પણ તે જ વાત કરી છતાં મુક્તાનંદ સ્વામીને કાંઈ સમજાયું નહિ. ત્યારે મહારાજે કહ્યું, 'સ્વામી! ગામડે ફરવા જાઓ; શાંતિ થશે. મુક્તાનંદ સ્વામી ગઢડાથી મહારાજની આજ્ઞા પ્રમાણે નીકળી ગયા. નિત્યાનંદ સ્વામીને થયું કે મુક્તાનંદ સ્વામીને સમજાયું લાગતું નથી. તેથી તેમની પાછળ ગયા અને સમજાવ્યું કે શ્રીજીમહારાજ પ્રગટ ભગવાન છે અને પ્રગટનાં ચરિત્રોમાં શાંતિ છે તેવી ક્યાંય નથી. મહારાજને તમને આ સમજાવવું હતું તેથી પોતાનાં ચરિત્રોની વાત કરી હતી. મુક્તાનંદ સ્વામીને પાયાની ભૂલ સમજાઈ.

**૨. વરતાલમાં શ્રીજી મહારાજના શરીરે બહુ ભાર લાગ્યો અને પરસેવો થવા લાગ્યો. (૬/૧૧૬,૧૧૭)**

વરતાલમાં માંદા સાધુની ગોદડીઓ ગોમતીમાં ધોઈને સ્વામી આવતા હતા. મહારાજ વાસણ સુથારને ત્યાંથી જમીને આવતા હતા. હનુમાનવાળા દરવાજે મહારાજ અને સ્વામી ભેગા થયા ત્યારે સ્વામીએ વૃત્તિથી મહારાજની મૂર્તિ પકડી લીધી. અઢાર ગોદડીઓના ભારથી સ્વામી પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. મહારાજને પણ પરસેવો થવા લાગ્યો. થોડી ક્ષણ પછી મહારાજે સ્વામીની રજા માંગી : "સાધુરામ, ચાલશું હવે ?" ત્યારે સ્વામીએ કહ્યું : "મહારાજ ! પધારો." સભામાં આવી મહારાજે કહ્યું : "અમારે શરીરે બહુ ભાર લાગ્યો છે એટલે પરસેવો થાય છે." તેથી ભગુજી તથા બાપુ રતનજી મહારાજને પંખો નાખવા લાગ્યા. ત્યારે મહારાજે કહ્યું : "ઓલ્યા સાધુના ખભા ઉપરથી ગોદડીઓ ઉતારી લો તો અમારો ભાર હળવો થશે." તેથી ભગુજીએ બધી ગોદડીઓ સ્વામીના ખભા ઉપરથી લઈ લીધી. પછી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતોને બોલાવીને મહારાજે કહ્યું : "સાણસામાં જેમ સાપ પકડે, તેમ અમારી મૂર્તિને ત્રણેય અવસ્થામાં આ સાધુએ ઝાલી રાખી છે. (અર્થાત્ અમારી મૂર્તિને અખંડ દેખે છે.) એ અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. સર્વ થકી શ્રેષ્ઠ છે અને મોટા મોટાઓને પણ સમાગમ કરવા યોગ્ય છે.

**૩. શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામીની સમજણની પ્રસંશા કરી. (૪/૪૯)**

ગઢપુરમાં શ્રીજીમહારાજે 'સત્સંગિજીવન' ગ્રંથ લખાવ્યો ત્યારે તેમાં ઉપાસના સંબંધી ચર્ચા થઈ. મહારાજના સ્વરૂપ વિશેની ચર્ચામાં

નિત્યાનંદ સ્વામીએ મહારાજને સર્વોપરી, સર્વ અવતારના અવતારી સર્વ કારણના કારણ સમજવા અને લખવા આગ્રહપૂર્વક કહ્યું. બીજા પરમહંસોએ શ્રીજીમહારાજને શ્રીકૃષ્ણ જેવા લખવાનું પ્રતિપાદન કર્યું. નિત્યાનંદ સ્વામીએ મહારાજનાં ઐશ્વર્યની તથા ૨૪ અવતારોને પોતાનામાં લીન કર્યા તે બધી વાત મકક્મતાપૂર્વક રજુ કરી, સાથે સાથે એમ પણ જણાવ્યું કે શ્રીજીમહારાજને બીજા અવતારો જેવા કહીએ તો મહારાજના અનેક અદ્‌ભૂત અને અલૌકિક ઐશ્વર્યો ખોટાં પડે. શ્રીજીમહારાજે તેમની વાતનો વિરોધ કરી બીજા પરમહંસોની દલીલમાં સૂર પુરાવી કહ્યું. 'અમે શ્રીકૃષ્ણ જેવા જ છીએ, તેથી વધુ ન લખાય.' આ ઉપરાંત નિત્યાનંદ સ્વામીને પોતાનો આવો આગ્રહ મૂકી દેવા ઘણી દલીલો કરી. તેઓ ન માન્યા તો સાત દિવસ સુધી તેમને એકલા પાડ્યા. તેમની સાથે બોલ્યા નહિ, તેમનો બહિષ્કાર કર્યો. આમ છતાં નિત્યાનંદ સ્વામી પોતાની સમજણમાં અડગ રહ્યા. સાત દિવસ બાદ મહારાજે તેમની પ્રસંશા કરી અને પ્રસન્નતા પૂર્વક હાર આપ્યો અને કહ્યું 'ઉપાસક તો આવા જ હોય.' કારણ મહારાજ સર્વે સંતો સાથે ભળી ગયા. તિરસ્કાર કર્યો છતાં તેમણે સાચી વાત મૂકી નહિ. આમ, તેમની આવી નિષ્ઠા અને દૃઢતા જોઈને મહારાજ તેમના પર ખૂબ પ્રસન્ન થયા.

૪. **અક્ષરધામ અવિનાશી છે. (૪/૩૧)**

અક્ષરધામ સિવાયનાં અન્ય સ્થાનકો નાશવંત છે, જ્યારે અક્ષરધામ તો અવિનાશી છે. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

'મા' પ્રલયકાળના અગ્નિમાં સીજાં, હંમેશ જે હણાય રે,

પ્રકૃતિપુરુષ પ્રલયમાં આવે, ભવ બ્રહ્મા ન રહે કોય રે,

ચૌદ લોક ધામ રહેવા ન પામે, સર્વે સંહાર હોય રે. **(ચોસઠ પદી, ૫૬)** ભગવાનનું જે અક્ષરધામ ને તે ધામને વિષે રહી એવી જે ભગવાનની મૂર્તિને તે ધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત તે વિના જે જે લોક છે ને તે લોકને વિષે રહ્યા એવા જે દેવ છે ને તે દેવના વૈભવ છે, તે સર્વે નાશવંત છે. **(વચ. ગ. મ. ૨૪)** બીજાં ધામો નાશવંત હોવાથી ત્યાં ગયા પછી પણ પાછું પડવાનું છે. પણ અક્ષરધામમાં ગયા પછી પુનરાગમન નથી.

न तद्‌भासयते सूर्यो न शशाङ्को न पावकः। यद्‌गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥ **(ગીતા - ૧૫:૬)** અર્થાત જે ધામને પામીને પુનરાગમન પામતા નથી, જે ધામને સૂર્ય, ચંદ્ર અને અગ્નિ પ્રકાશિત કરી શકતા નથી, તે મારું પરમધામ છે. (ગીતા ૧૫:૬), **(નોંધઃ- સંસ્કૃત કે ગુજરાતી કોઈપણ એક લખ્યું હોય તો પણ સાચું આપવું)** બીજાં ધામોની અવધિ છે. દા.ત. ગોલોક, વૈકુંઠ વગેરે અમુક જોજન સુધી વિસ્તરેલાં છે - એવું શાસ્ત્રોમાં વર્ણન છે જ્યારે અક્ષરધામની અવધિ નથી. એ અધો-ઊર્ધ્વ અને પ્રમાણે રહતિ છે. **(વચ. લોયા. ૧૪)** બીજાં ધામોના વર્ણનમાં મણિમય મહોલો, રત્નો વગેરે લૌક્કિ પદાર્થો છે, જ્યારે અક્ષરધામમાં સર્વત્ર અલૌક્કિ દિવ્ય તેજ છે અને તેજના સમૂહમાં પુરુષોત્તમ, અક્ષર અને અક્ષરમુક્તો છે. શ્રીજીમહારાજ ઓરડાના પદમાં કહે છે :

મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ, સર્વ સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ,

અતિ તેજોમય રે, રવિ શશિ કોટિક વારણે જાય, શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય. ( સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી)

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

તેજ તેજ જિયાં તેજ અંબાર, તેજોમય તન તેનાં રે, તેજોમય જ્યાં સર્વે આકાર, શું કહિયે સુખ એનાં રે,

તે તેજ મધ્યે સિંહાસન શોભે, તિયાં બેઠા બહુનામી રે, નિષ્કુળાનંદ કહે મન લોભે, પૂરણ પુરુષોત્તમ પામી રે. **(ચોસઠપદી : ૫૫)**

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ પણ પોતાની વાતુંમાં બીજાં ધામો કરતાં અક્ષરધામ શ્રેષ્ઠ છે. તે સ્પષ્ટ પ્રતિપાદન કર્યું છે. **(સ્વા.વા.૩/૧૧, ૨૩, ૪૯)** વળી, શ્રીહરિ પોતે જ પોતાના અક્ષરધામની સર્વોત્કૃષ્ટતા બતાવતાં કહે છે : એવો જે અક્ષરરૂપ ધામ તે પરાત્પર છે. **(વેદરસ : પૃ-૧૪૬)** અગણોતેરા કાળમાં શ્રીજીમહારાજ બીમાર હતા ત્યારે પોતાની યોગશક્તિએ કરીને સર્વે લોકમાં જઈને પછી અક્ષરધામમાં ગયા હતા. તેનું વર્ણન કરતાં તેઓ કહે છે : અમે એકલા જ તે સર્વે થકી પર એવું જે શ્રી પુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું. મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ... ને જે જે જીવ મારે શરણે આવ્યા છે..... તેને સર્વેને હું સર્વોપરી એવું જે મારું ધામ છે તેને પમાડીશ. **(અમ. ૭)** આમાં શ્રીજીમહારાજે અક્ષરધામને સર્વથી પર કહ્યું છે અને તે ધામ પોતાનું છે તથા તેમાં પોતે જ સર્વોપરી છે. તેની સ્પષ્ટતા કરી છે. આવા સર્વથી પર અને દિવ્ય એવા અક્ષરધામના અધિપતિ શ્રીજીમહારાજ પણ સર્વોપરી હોય તે સ્વાભાવિક જ છે.

**પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચે આપેલાં વાક્યોની પૂર્તિ કરો. (કુલ ગુણ : ૭)**

**(ઉપાસનામાં શું સમજવું ?) (૧૪૨-૧૪૩)**

**☞ નોંધ : વાક્ય પૂર્તિની બાજુમાં કૌંસમાં આપેલા અંક વાક્ય પૂર્તિના નંબર છે. જે પરીક્ષાર્થીએ લખવા જરૂરી નથી.**

૧. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ એ પાંચ તત્ત્વો અનાદિ છે. (૧૪૨)

૨. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એક અને અદ્વિતીય છે. (૧૪૨)

૩. અન્ય અવતારો પુરુષોત્તમની પ્રેરણા અને પ્રવેશથી જ થાય છે. તેઓ તો પુરુષોત્તમની જ ઉપાસના કરે છે એટલે કે અન્ય અવતારો અને સર્વાવતારી પુરુષોત્તમ નારાયણ વચ્ચે અવતાર અવતારી એવો સ્પષ્ટ ભેદ છે. (૧૪૨)

૪. આ લોકમાંથી અંતર્ધાન થયા પછી શ્રીજીમહારાજ હંમેશાં અક્ષરબ્રહ્મ દ્વારા જ પોતાનું સમ્યક્ પ્રકારે પ્રગટપણું ચાલુ રાખે છે. એ રીતે શ્રીજીમહારાજ અંતર્ધાન થયા પછી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પ્રગટ રહ્યા. તે જ ગુરુપરંપરામાં વર્તમાનકાળે પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી દ્વારા શ્રીજીમહારાજ સમ્યક્ પ્રકારે પ્રગટ છે. (૧૪૪)

**(ઉપાસનામાં શું ન સમજવું ?) (૧૪૪-૧૪૫)**

૫. આજ્ઞા પાળ્યા વગર, શિક્ષાપત્રી પાળ્યા વગર, અથવા તેને ગૌણ કરીને મોક્ષ મળી શકે છે, તેમ ન સમજવું. (૧૪૫)

૬. શિક્ષાપત્રી અને વચનામૃતના શબ્દો દેશકાળ-બાધિત (મર્યાદિત) છે. તે હંમેશા સર્વદેશી-સર્વગ્રાહ્ય નથી. તેથી તેમાં ફેરફાર કરી શકાય છે, તેમ ન સમજવું.

૭. ભગવાન પૃથ્વી પર પ્રગટે છે ત્યારે તેઓ ધામમાં હોતા નથી (ધામ ખાલી હોય છે), તેમ ન સમજવું. (૧૪૪)

**પ્ર.૮ ટૂંકનોંધ લખો :** ગુણાતીત સંતનાં લક્ષણો (૫/૮૩) **(કુલ ગુણ : ૫)**

શ્રીજીમહારાજ ગુણાતીત સંત દ્વારા જ પૃથ્વી પર પ્રગટ રહ્યા છે, તેવા સંતના લક્ષણો મુમુક્ષુઓએ અવશ્ય જાણવા જોઈએ ને તેવા સંતને ઓળખીને તેમનો આશ્રય કરે તો આત્યાંતિક કલ્યાણ થાય છે નહિ તો નરકની પ્રાપ્તિ થાય છે.

સાચા સંતના અંગ એંધાણ રે, જોઈ લેવા જીવડિયે,<br>
જેને મળવે માન્યું કલ્યાણ રે, તેને જોવા ઘડિઘડિયે **(ચોસઠ પદી પદ-૯) (સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી)**

જડબુધ્ધિ જીવ, પ્રભુપદને ઈચ્છે તો કર સંતનું પારખું,<br>
રંગપીતપણે, સોનું ને પિત્તળ ન હોય એક સરખું. **(સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી)**

શાસ્ત્રોમાં જ્યાં જ્યાં સંતનો મહિમા કહ્યો છે ત્યાં ત્યાં સંતના લક્ષણો બતાવ્યાં છે.

નારી નયન શર જાહિ ન લાગા, ઘોર ક્રોધ તમ નિશિ જો જાગા<br>
લોભ પાશ જેહિ ગર ન બંધાયા સો નર તુમ્હ સમાન રઘુરાયા. **(કિષ્કિન્ધા કાણ્ડ ૨૦માં દોહા પછીની ચોપાઈ)**

तस्माद गुरुं प्रपद्येत जिज्ञासुः श्रेय उत्तमम् । शाब्दे परे च निष्णातं ब्रह्मण्युपशमाश्रयम् ॥ (શ્રીમદ ભાગવત ૧૧-૩-૨૧)

સર્વ શાસ્ત્રના સારરૂપ વચનામૃતમાં પણ અનેક સ્થાને ગુણાતીત સંતના લક્ષણો છે :- ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય એવા જે સંત તે કેવા હોય તો ઈન્દ્રિયો અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ ને ભગવાન સબંધી ક્રિયાને જ કરે ને પંચવર્તમાનમાં દ્રઢ રહેતા હોય ને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે. એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા પણ ન જાણવા કેમ જે એવી ક્રિયા દેવ મનુષ્યને વિષે હોય નહિ. અને એવા સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. **(વચ.ગ.અં.૨૬)** શાસ્ત્રે કહ્યા જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઈત્યાદિક સંતના લક્ષણો જ્યાં દેખાય- એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય. **(વચ.ગ.અં. ૨૭)** દેહાભિમાને રહિત ને વૈરાગ્યે યુક્ત ને ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો તે મહત્ વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય એવા જે ભગવદ્‌ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન કર્મ વચને વર્તવું. **(વચ.ગ.અં ૩૮)** જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એને વિષે સાધુપણું આવતું નથી. માટે દેહ ને દેહના સંબંધીને વિષે અહંમમત્વનો ત્યાગ કરીને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને સર્વે વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે. **(વચ.ગ. પ્ર. ૪૪)** સ્વધર્મ જ્ઞાન વૈરાગ્ય અને મહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત્ ધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે. **(વચ.ગ. પ્ર. ૫૪)** જેનું મન ભગવાનને વિષે આસક્ત થયું છે ને વિષયને યોગે કરીને ટાઢું ઊનું થતું નથી તેને જ સાધુ જાણવા. **(વચ. ગ.મ. ૨૩)** पुष्पहाराय सर्पाय. એવું જે વર્તે, તથા ભગવાનની મૂર્તિને અખંડ ધારે તથા સત્સંગ શબ્દનો અર્થ કર્યો છે. (આત્મા પરમાત્માનો વેગ લગાડવો તે) તેવાં લક્ષણ હોય તથા ઘણાક જીવને ભગવાન ભજાવે ને પોતે શુદ્ધ રહે, લગાર આજ્ઞા લોપે નહિ એવા હોય. **(સ્વા.વા. ૫-૧૪૩)** આ ઉપરાંત જે સંતમાં ભગવાન અખંડ વાસ કરીને રહે તેવા સંતનાં લક્ષણ ગ.પ્ર. ૨૭, ગ.અં. ૩૫, વગેરે વચનામૃતમાં તથા સાચા ત્યાગીનાં લક્ષણ ગ.પ્ર.૩૬, ૩૭માં તથા અન્ય ઘણાં વચનામૃતમાં સાચા ભક્ત, એકાંતિક ભક્તનાં લક્ષણો બતાવ્યાં છે. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ચોસઠપદીમાં તથા સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી વગેરે પરમહંસોએ પોતાનાં કીર્તનોમાં ગુણાતીતાનંદ સંતનાં લક્ષણો સ્પષ્ટપણે જણાવ્યાં છે.

**(વિભાગ - ૨ સત્સંગ વાચનમાળા ભાગ ૩, સાતમી આવૃતિ માર્ચ - ૨૦૦૯,<br>
યુગવિભૂતિ પ્રમુખસ્વામીમહારાજ પાંચમી આવૃતિ જુલાઈ - ૨૦૧૦)**

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે - ૧ ગુણ, કોને કહે છે - ૧ ગુણ, ક્યારે કહે છે - ૧ ગુણ.**

**૧. ''ભક્તરાજ ! આવું માથાનું સાટું ન કરવું'' (૧/૫) અથવા**

જ. ગોપાળાનંદ સ્વામી - સત્સંગી બ્રાહ્મણને (સત્સંગી જ્યોતિષી)<br>
વડોદરાના સત્સંગી જ્યોતિષી બ્રાહ્મણે જાહેર કર્યું કે ગ્રહણ દેખાશે નહિ. બીજા જ્યોતિષીઓએ કહ્યું કે ગ્રહણ જરૂર દેખાશે. ત્યારે સત્સંગી બ્રાહ્મણે કહ્યું ગ્રહણ દેખાશે તો હું મારું માથું ડૂલ કરું. ગોપાળાનંદ સ્વામીએ આ ગ્રહણ અટકાવ્યું ત્યારે કહ્યું.

**૨. ''સિંહના તો સિંહ જ હોય.''** (૩/૩૪)

જ. મહારાજ - ગોપાળાનંદ સ્વામીને<br>
નિષ્કુળાનંદ સ્વામીની વાતોથી મોટા પુત્ર માધવજીને વૈરાગ્યનો રંગ લાગ્યો અને દીક્ષા લીધી. ગોપાળાનંદ સ્વામીએ તેમનું નામ 'ગોવિંદાનંદ' પાડ્યું અને મહારાજ પાસે જઈ આશીર્વાદ અપાવરાવ્યા ત્યારે મહારાજ કહે છે.

**૩. ‘‘અનિડો, ઘી ગંધાય છે !’’ (૨/૨૪)** **અથવા**

જ. આત્માનંદ સ્વામી - સંતોને

મુક્તાનંદ સ્વામી મારવાડમાં ફરતા ત્યારે એક બ્રાહ્મણને જ્ઞાનોપદેશ કર્યો તો તેણે સંતો માટે ખીચડી રંધાવી. તે વખતે સંતોને ગળ્યા- ચીકણાના વર્તમાન હોવાથી ખીચડીમાં ઘી નાખવાની સ્વામીએ ના પાડી હતી. પણ ઠાકોરજીના થાળમાં ઘી નાખ્યું હતું. તે ખીચડી બધી ખીચડીમાં ભેગી કરી. સંતોને પીરસી ત્યારે આત્માનંદ સ્વામી બોલ્યા.

**૪. ‘‘આપ આવી રીતે વર્તો છો તો અમારા શા હાલ થશે ?’’ (૪/૪૫)**

જ. રઘુવીરજી મહારાજ - ગુણાતીતાનંદ સ્વામીને

એકવાર વિચરણમાં પોતાની સાથે સિગરામમાં બેઠેલા ગુણાતીતાનંદ સ્વામીને રઘુવીરજી મહારાજે પેંડો જમવા આપ્યો ત્યારે સ્વામીએ કહ્યું : ‘પાંચસો પરમહંસો ગળું ઝાલીને કહે છે ‘ખાઈશ નહિ, ઝેર છે.’’ ત્યારે કહે છે.

**૫. ‘‘તેમની મરજી પ્રમાણે આપણા ભાવ મૂકીને સર્વકર્તા ભગવાન છે, તેમની ઇચ્છાથી થાય છે.’’ (૧૬)** **અથવા**

જ. સ્વામીશ્રી - પત્રકારને

એક પત્રકારે લંડનમાં સ્વામીશ્રીને પૂછ્યું : ‘આટલી બધી પ્રવૃત્તિઓ કરવા છતાં આપ કાયમ ફ્રેશ કેવી રીતે રહો છો ? ત્યારે તેનો જવાબ આપતાં સ્વામીશ્રી કહે છે.

**૬. ‘‘સૂઈ રહે, સેવા કરવા દે.’’ (૨૪)**

જ. સ્વામીશ્રી - વિદ્યાર્થીને

બિમાર વિદ્યાર્થીનું માથું કળતરથી દુઃખતું હતું. ત્યાં સ્વામીશ્રી તેનું માથું દબાવવા લાગ્યા. વિદ્યાર્થીએ જોયું તો સ્વામીશ્રી હતા. તેણે સ્વામીશ્રીને રોકવા પ્રયત્ન કર્યો ત્યારે.

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.**

**૧. મુકુંદદાસે આત્મહત્યા કરવાનો નિરધાર કર્યો. (૨/૧૫) અથવા**

મુકુંદદાસને બાળપણથી જ જગત પ્રત્યે ઉદાસીનતા - માતા પિતા દ્વારા લગ્નનું બંધન - તેમાંથી છૂટવા અમરાપરામાં રહેવા આવ્યા - પ્રભુ પ્રાપ્તિ માટે નૈષ્ઠિક બ્રહ્મચર્યનું મહત્વ અને અનિવાર્યતા છે તે વાત સમજાઈ - બ્રહ્મચર્યવ્રત પાલનની ભાવના ખૂબ પ્રબળ - તેથી ગૃહસ્થ જીવન અસહ્ય - ગૃહત્યાગ- ધાંગ્રધામાં દ્વારકાદાસ બાવા પાસે - બાવાજીએ બ્રહ્મચર્ય પાલનમાં પોતાની અસર્મથતા - વાંકાનેરમાં કલ્યાણદાસ બાવા પાસે મોકલ્યા - કલ્યાણદાસ પિત્તળની કોપીન પહેરીને - લોઢાનું તાળું વાસે છે - કલ્યાણદાસે પણ બ્રહ્મચર્ય પાલન- નૈષ્ઠિક વ્રત ખૂબ અઘરું છે તેમ કહ્યું. - ચાલીસ વર્ષ પહેલાનું બાઈનું લટકું - અંતરમાં દૃઢ થઈ ગયેલું. - આ સાંભળી મુકુંદદાસને નિરાશા - બ્રહ્મચર્ય વગરનું જીવન નિરર્થક એમ લાગતાં આત્મહત્યાનો નિરધાર.

**૨. મહારાજે કાઠીઓને કહ્યું, ‘‘ઘેર આમ બગાડો છો ?’’ (૬/૫૮)**

પર્વતભાઈને ઘેર ગયેલા કાઠીઓએ કોઠીનાં સાણાં કાઢી પાવરા ભરી ભરીને ઘોડાને ચડાવ્યાં અને વાડામાં ખડનાં ભરમાં ઘોડાને છૂટા મૂકી દીધા તેથી મહારાજ કાઠીઓને મીઠો ઠપકો આપે છે. **(અહીં મુદ્દો જ આપ્યો છે. )**

**૩. દારેસલામનાં ઍરપોર્ટ પરના આફ્રિકન અધિકારીઓ સ્વામીશ્રીનાં ચરણોમાં ઝૂકી પડ્યા. (૩૩) અથવા**

સ્વામીશ્રી જે વિમાનમાં દારેસલામ ગયા હતા તે વિમાનમાં હીરાની દાણચોરી થઈ રહી છે. તેવી ખબર એરપોર્ટના અધિકારીઓને મળતાં સ્વામીશ્રી અને સંતોનો સંપૂર્ણ સામાન ચેક કર્યો પણ કાંઈ ન મળ્યું. સામાન્ય રીતે મુસાફરીમાં રખાતા પંચોતેર જેટલા શિલીંગ પણ સ્વામી કે કોઈ સંતો પાસેથી ન મળતાં આવા મુસાફરો પહેલી જ વાર જોવા મળ્યા. આંતરરાષ્ટ્રીય મુસાફર તરીકે જ નહિ પરંતુ એક વિશ્વવ્યાપી સંસ્થાના અધ્યક્ષ હોવા છતાં સ્વામીશ્રી પાસે પોતાની માલિકીનો એક કાણો પૈસો પણ નથી. એ જાણીને એ અધિકારીઓને લાગ્યું કે તેઓ પૃથ્વી ઉપર કોઈ જુદી માટીના મહામાનવનાં દર્શન કરી રહ્યા છે. ક્ષમા-પ્રાર્થના સાથે સ્વામીશ્રીનાં ચરણોમાં તેઓ ઝૂકી પડ્યા.

**૪. ચોરે જીવનભર ચોરી ન કરવાનો મનમાં સંકલ્પ કર્યો. (૪૦)**

ત્રિચિનાપલ્લીમાં સ્વામીશ્રીના ઉતારાના ચોથા માળે પાણીની ટાંકીમાં એક ચોર હતો. લોકો તેને શોધી રહ્યા હતા. રામચરણ સ્વામીની મદદથી ચોરને ટાંકીમાંથી બહાર કાઢી પાણી પાયું. સ્વામીશ્રીએ રામચરણ સ્વામીને સૂચના આપી ‘તેને બહાર પણ નહીં જવા દેતા. લોકો લાકડીઓ લઈને ઊભા છે. બીચારાને ટીપી નાંખશે. સ્વામીશ્રીએ ચોરને પણ સદ્‌બોધ આપ્યો : ‘ભાઈ! કોઈકનું લૂંટીને શા માટે ખાવું ? જાતમહેનત કરીએ ! હરામનું ખાવું નહીં ... ચોરી કરવી તેના કરતાં ભગવાને હાથપગ આપ્યા છે તેનો ઉપયોગ કરી મહેનત કરને ! ભગવાન અંતર્યામી છે... દયા કરશે...’ ચોરના જીવન પરિવર્તનની એ મંગલ ક્ષણ હતી. તેણે જીવનભર ચોરી ન કરવાનો સંકલ્પ કર્યો.

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.**

**૧. લાલજી ભક્તને ભાદરામાં થયેલો શ્રીજીમહારાજના સ્વરૂપનો દૃઢ નિશ્ચય (૩/૩૦,૩૧) અથવા**

ભાદરાના પાદરથી પસાર થતી ઊંડ નદીને કાંઠે મહારાજ સૌ ભક્તમંડળી સાથે પહોંચ્યા. નદીમાં પાણી બે કાંઠે હતું. પુષ્કળ

પાણી જોઈ જળવિહાર કરવા મહારાજે સંકલ્પ કર્યો. લાલજી ભક્તને મહારાજે એક તરાપો બનાવી લાવવા કહ્યું. 'જરૂરી સાધન વગર એકદમ તરાપો કેમ બનાવવો ?' - લાલજી ભક્તને પ્રશ્ન થયો. મહારાજ કહે કે ''આપણે નદી પાર કરવી જ છે માટે એક ચલાખો (ચોફાળ-ખાદીનો કટકો) લાવો. વચનમાં વિશ્વાસી લાલજી ભક્ત ચલાખો લાવ્યા. સૌના મનમાં એમ થતું કે ''મહારાજ શું કરશે ? ચલાખો શું પાણી ઉપર તરશે ?'' અને સૌના આશ્ચર્ય વચ્ચે મહારાજે ચલાખો પાણીમાં તરતો મૂક્યો અને પોતે એના ઉપર બેસી ગયા. સૌ ભક્તો તો જોઈ જ રહ્યા કે સ્વપ્ન તો નથી ને ! મહારાજની આજ્ઞાથી મૂળજી શર્મા, લાલજી ભક્ત, રત્ના ભગત અને ડોસા ભગત પણ ચલાખા ઉપર બેઠા. મહારાજની ઈચ્છાથી ચલાખો પાણી ઉપર તરવા લાગ્યો અને થોડી વારમાં તો સૌ સામે પાર આવી પહોંચ્યા. આવું અલૌકિક આશ્ચર્ય જોઈ લાલજી ભક્ત તથા બીજા ભક્તોને મહારાજના સ્વરૂપનો નિશ્ચય વિશેષ દૃઢ થયો.

**૨. કુશળકુંવરબાની ભક્તિ (૫/૫૨-૫૪)**

ધર્મપુરનાં કુશળકુંવરબા દરરોજ બ્રાહ્મણ પાસે ભાગવતની કથા કરાવતા. એક વખત 'શ્રીકૃષ્ણ ભગવાને રૂક્ષમણિનું કાંડુ પકડ્યું' એવી રૂક્ષમણિહરણની વાત કથામાં આવતા રાણીએ ભૂદેવને કહ્યું આમ પ્રગટ ભગવાન જ્યારે આપણું કાંડું પકડશે ત્યારે આપણો ઉધ્ધાર થશે. ત્યાર બાદ આ પ્રસંગથી રાણીને ભગવાનને મળવાની તીવ્ર ઝંખના થઈ. ત્યાર બાદ પરમચૈતન્યાનંદ સ્વામી ફરતા ફરતા ધર્મપુર આવ્યા ને તેમની પાસેથી મહારાજના મહિમાની અદ્‌ભૂત વાતો સાંભળી તેઓને મહારાજનાં દર્શનની તીવ્ર ઈચ્છા જાગી. ડાંગરના હાથે ફોલીને ચોખા તૈયાર કરી શ્રીજીમહારાજને આમંત્રણ પત્ર સાથે મોકલ્યા. ત્યારબાદ મહારાજ સંઘ લઈ ધર્મપુર પધારે છે. તેમનું ધામધૂમથી સ્વાગત કરે છે. મહારાજનાં દર્શનથી રાણી દેહભાન ભૂલી જાય છે. મહારાજ કાડું પકડી તેમને ઉભા કરે છે. તેઓ મહારાજને પ્રશ્ન પૂછે છે કે અર્નિદેશથી લખ્યું હતું તેનો અર્થ શું થાય! તેઓને મહારાજે અલૌકિક દર્શન આપ્યા ને દરબારથી માંડી અક્ષરધામ સુધી નિર્દેશ અનિર્દેશની વાત કરી. રાણી મહારાજની રસઘન મૂર્તિ હૃદયમાં ઉતારતા ગયા. મહારાજ છ માસ રોકાયા. કાઠિયાવાડનાં હરિભક્તોને દાણ માફ કરાવી અને ચોરોનો ભય હોવાથી શસ્ત્રધારી અસવારો ગોઠવી બોલાવ્યા. સંતોને તથા મહારાજને ભાતભાતના પકવાન ને નિત્ય નવિન થાળ જમાડતા ને દેખરેખ રાખતા. સંતોને પત્તરમાં પાણી ન નાંખવા વિનંતી કરતા. ઉત્તમ મેવા મીઠાઈ પરગામથી મંગાવતા. દૂધ, દહીં, ઘી, ખાંડ, સાકરની તો રેલમછેલ કરાવતા. નગરમાં સવારી ફેરવીને સૌને મહારાજના દર્શનનો લાભ આપ્યો. મહારાજને અલંકારોથી ભરી દીધા ને આરતી ઉતારી રાજ્યના ધન ભંડાર અર્પણ કરી અહીં રહેવા વિનંતી કરી. મહારાજે રાજી થઈ કહ્યું અમે રાજ કરવા નથી આવ્યા અનેક જીવને નિર્વાસનિક કરવા આવ્યા છીએ. તમે પણ રાજ્યની વાસના ન રાખશો નહિ તો બીજો જન્મ લેવો પડશે. રાણીએ નિર્વાસનિક કરવા પ્રાર્થના કરી. મહારાજે તેમને ચરણારવિંદ પાડી આપીને તેમાં વૃત્તિ રાખવા કહ્યું મહારાજને હાથી પર પધરાવી એક ગાઉ સુધી વાજતે ગાજતે વળાવવા ગયાં. મહારાજની વિદાયથી તેમને ખૂબ આઘાત લાગ્યો. મહારાજનું જે જે સુખ લીધું હતું ને બાવીસ વાર આરતી ઉતારી હતી તથા જેટલી વાર વૃત્તિથી મળ્યા હતા તે બધુ સંભારવા લાગ્યા ને મહારાજ પધાર્યા પછી પંદરમા દિવસે મહારાજનું સ્મરણ કરતાં દેહ ત્યાગ કર્યો. આવી તેમની ભક્તિ હતી.

**૩. પ્રમુખસ્વામી મહારાજની સેવાભાવના (૧૮-૩૫) અથવા**

(૧) જલઝીલણી એકાદશીના ઉત્સવ પછી થાકેલા સંતો-ભક્તો આરામમાં ગયા. સ્વામીશ્રીના સેવકની અચાનક ઊંઘ ઊડી ગઈ. સ્વામીશ્રીની પથારી ખાલી જોતાં તપાસ કરવા નીકળ્યા. તો મંદિરના પાછળના ભાગે આવેલાં હરિભક્તોના સંડાસ સ્વામીશ્રી સાફ કરી રહ્યા હતા. સેવક સંત રોકવા ગયા. તો તેમને કહ્યું : અવાજ ન કરશો. બીજા સૂતા છે, જાગી જશે. સેવકે અતિ આગ્રહ કર્યો તો કહે 'એકથી બે ભલા. તું પાણી લાવ અને હું સાવરણો ફેરવું. બસ !' (૨) ૧૯૭૧ ના ડિસેમ્બરમાં પ્રમુખસ્વામી મહારાજનો ૫૧મો જન્મોત્સવ ધર્મજ મુકામે ઉજવાયો હતો. ગાદી પર આવ્યા પછીની આ પહેલી જન્મજયંતી હતી. જે દિવસે જન્મોત્સવ હતો. તે દિવસે સૌ સભામાં સ્વામીશ્રીની રાહ જોતાં બેઠા હતા. બીજી તરફ સ્વામીશ્રી જ્યારે દાતણ કરવા બેઠા ત્યારે તેમણે જોયું. ચોકમાં લોકોએ દાતણ કરીને ફેંકેલી ચીરીઓ વેરાયેલી પડી હતી. સ્વામીશ્રી કોઈને કશું કહ્યા વગર લોકોએ ફેંકી દીધેલી દાતણની એંઠી ચીરીઓ જાતે ઉપાડીને ટોપલીમાં નાખી દીધી. સ્વામીશ્રીને મન તો સેવા એ જ ઉત્સવ હતો. સેવા સ્વામીશ્રીનો સ્વભાવ છે. સેવા તો તેઓની નસમાં વહેતું લોહી છે. આજ એમની મહાનતા છે.

**૪. સ્વામીશ્રીની માન-અપમાનમાં સ્થિરતા (૨૬)**

લંડનમાં સુવર્ણતુલા થયા પછી મંદિરે એક મુરબ્બી સ્વામીશ્રીને મળવા આવ્યા, કંઈક ગેરસમજે તેમને વિકૃત અને ઉગ્ર બનાવ્યા હતા. ન શોભે તેવા વાણીપ્રહારોથી એમણે સ્વામીશ્રી સાથે વાર્તાલાપ શરૂ કર્યો. વર્તન અસભ્ય ને તોછડું હતું. સામે બેઠેલા એક બે સંતો અને યુવકો માટે તે અસહ્ય હતું. પણ સ્વામીશ્રી બિલકુલ સ્વસ્થ હતા. એમના ચહેરા પર ન તો અકળામણ હતી, ન હતો આક્રોશ કે ન હતો પ્રતિકાર કરવાનો ઉકળાટ. ક્ષમાની મૂર્તિ બનીને શાંતિથી બેસી જ રહ્યા ને બીજાનેય વાર્યા. એટલું જ નહિ, સેવકોને સૂચના આપી, ''એમને જમાડીને મોકલજો.'' અપમાનને તે પલભરમાં ભૂલી શકે છે, કારણ કે તે ક્ષમાના સાગર છે.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

> ☞ **નોંધ : અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.**

૧. શિવલાલ શેઠ વાગડમાં કોનો સમાગમ કરતા ? (૭/૭૧)
જ. શિવલાલ શેઠ વાગડમાં ભાયાત્માનંદ સ્વામીનો સમાગમ કરતા.

૨. કયા ચાર સંતોએ વચનામૃતનું સંપાદન કરેલ છે ? (૧/૧૧)
જ. ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી અને શુકમુનિએ વચનામૃતનું સંપાદન કરેલ છે.

૩. અચિંત્યાનંદ બ્રહ્મચારીએ કયા ગ્રંથની રચના કરી ? (૪/૪૪)
જ. અચિંત્યાનંદ બ્રહ્મચારીએ 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથની રચના કરી

૪. કયા બે ગામોનું ૨૦૦ વર્ષ જૂનું વેર સ્વામીશ્રીએ સમાવ્યું ? (૫૦)
જ. કૂકડ અને ઓદરકા ગામોનું ૨૦૦ વર્ષ જૂનું વેર સ્વામીશ્રીએ સમાવ્યું.

૫. પ્રમુખસ્વામી મહારાજના માતા-પિતાનું નામ આપો. (૮)
જ. પ્રમુખસ્વામી મહારાજના માતાનું નામ દિવાળીબા અને પિતાનું નામ મોતીભાઈ છે.

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

☞ **નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૩ (૩/૩૭) ૨. ૩ (૧/૮) ૩. ૧, ૨, ૪ (૧૧, ૧૨) ૪. ૧, ૩, ૪ (૮)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૫)**

> ☞ **નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસાને આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

૧. **જગતને અજવાળાં દેતું : હિન્દુઓનું નૈતિક ઘડતર : (૧)** કોઈપણ પ્રજાની મહાનતાનો માપદંડ કયો હોઈ શકે ? સત્તા ? સંપત્તિ ? શૂરવીરતા ? શિક્ષણ ? ભૌતિક સુખ-સગવડો કે સમયાંતરે થતાં વૈજ્ઞાનિક સંશોધનો ? આ તમામ માપદંડોનો જવાબ છે ના ? માત્ર નૈતિક ઘડતર એ જ પ્રજાની મહાનતાનો માપદંડ છે. **(૨)** ભારતની ગુલામીનો ઈતિહાસ શાળાઓમાં શીખવાય છે. કારણ હિન્દુઓની માનસિકતાને નિર્માલ્ય બનાવી દેવાના આ પ્રયત્નો છે. પરંતુ ભારતના નૈતિક પ્રભાવની જગત પરની અસરની વાત તદન વિસારી દેવાઈ છે. (પ્રસંગો) હિન્દુ સેલીબ્રીટીઓ દ્વારા જ હિન્દુઓની ઠેકડી ઊડાવાઈ રહી છે. ભારતની નૈતિકતા જગતમાં શ્રેષ્ઠ - સત્તા - વૈભવ, સુખ-સમૃદ્ધિનો ત્યાગ કરીને વૈરાગ્ય પંથે જનાર ચક્રવર્તી રાજવીઓ, સત્ય ખાતર, પ્રામાણિકતા ખાતર વેચાઈ જનાર રાજવીઓ કે પિતાના વચનને અદ્ધર ઝીલી વનમાં જનાર ભગવાનનો અવતાર શ્રી રામ આ બધાને યાદ રાખવા એ અતિ આવશ્યક છે. (પ્રસંગો-દૃષ્ટાંતો) **(૩)** ઈતિહાસના પૃષ્ઠો પર નોંધાયેલી ભારતની પ્રજાની સત્યનિષ્ઠા, પ્રામાણિકતા, વચનપ્રતિબદ્ધતા ભારત પર રાજ્ય કરનાર જગતની પ્રજાઓના માનસ પર અહોભાવ પ્રગટાવે છે. (પ્રસંગો) **(૪)** ભારતમાં રાજ્ય કરવા આવનાર અંગ્રેજો પર ભારતની પ્રજાના નૈતિક ગુણોની અમીટ છાપ - જોન માલકમ, વોરન હેસ્ટીંગ્સ વગેરે અનેક અધિકારીઓના પ્રમાણો આ અંગે ઈતિહાસના પૃષ્ઠો પરથી મળી આવે છે. (પ્રસંગો) **(૫)** ઈ.સ. પૂર્વે ૩૨૬માં આવેલ ગ્રીક એલચી મેગસ્થનીસ, ગ્રીક યાત્રી વિયાન સ્ટેલો, ચીની પ્રવાસી હયુ-એન-સાંગ યુરોપીય પ્રવાસી માર્કોપોલો જર્મન વિજ્ઞાની પ્રો. મેક્સમૂલર આવા તો અનેક વિદ્વાનોએ ભારતની નૈતિકતાને તેમનાં લખાણોમાં ખૂબ બિરદાવી છે. **(૬)** આ નૈતિકતા હિન્દુઓને ગળથૂથીમાંથી જ મળે છે - શીખવાય છે - નીતિશાસ્ત્રો, સ્મૃતિશાસ્ત્રો, પુરાણો, મનુસ્મૃતિ તેમજ ઋષિમુનિઓએ રચેલાં શાસ્ત્રો તેમજ ભાષ્યો સ્વયં ભગવાનના પૃથ્વી પર થતા અવતારો આ બધા ભારતીય પ્રજાની નૈતિકતાના ઘડવૈયા છે. **(૭)** ભગવાન સ્વામિનારાયણ તેમજ તેમની ગુરુપરંપરાએ હિન્દુઓની નૈતિકતા પર યશ કલગી ચઢાવી છે. તેથી જ કહ્યું છે કે હિન્દુઓનું નૈતિક ઘડતર જગતને અજવાળાં આપી રહ્યું છે. - ઉપસંહાર.

૨. **પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં પંચવર્તમાનની દૃઢતા : (૧)** પંચવર્તમાન એ સ્વામિનારાયણ ભગવાનની ગુરપરંપરાનો ઈજારો - પંચવર્તમાનના પાલન માટે શ્રીજીમહારાજ ગુણાતીતાનંદ સ્વામીના નિરંતરના જામીન. **(૨)** વર્તમાનકાળે પણ શ્રીજીમહારાજ આ ગુરુપરંપરાના નિરંતરના જામીન. સ્વામીશ્રીના જીવનમાં પંચવર્તમાનની અતિશય દૃઢતા - લેશમાત્ર

બાંધછોડ નહિ. (૩) નિષ્કામી વર્તમાનની દૃઢતા - બાયપાસ સર્જરી, આંખનું ઓપરેશન માટે સ્ત્રી નર્સ માટે વિદેશમાં પણ ધરાર ઈન્કાર - અન્ય પ્રસંગો. (૪) નિર્માનીપણું એ સ્વામીશ્રીનો ઈજારો - નમ્રતામાં, નિર્માનીપણામાં સ્વામીશ્રી અજોડ ભગવાન અને ગુણાતીત સંત (સ્વામીશ્રી) સિવાય નિર્માની વર્તમાન પાલન અન્યથી અશક્ય (પ્રસંગો) કીર્તન- સાખી વગેરે. (૫) નિર્લોભી, નિઃસ્નેહી, નિઃસ્વાદી વર્તમાન પાલનમાં પણ સ્વામીશ્રી અજોડ - આ વર્તમાન પાલનમાં કોઈ સ્વામીશ્રી સામે આંગળી ન ચીંધી શકે એટલી દૃઢતાથી પાલન (દરેક વર્તમાનમાં જુદા જુદા પ્રસંગો લઈ શકાય) (૬) નિષ્કામી વર્તમાનના પાલનમાં સમાજના અગ્રણીઓ, વિવેચકો દ્વારા સમય મુજબ છૂટછાટ મૂકવા અનુરોધ - સ્વામીશ્રીનો સ્પષ્ટ ઈન્કાર - શ્રીજીમહારાજના આપેલ નિયમો, ઈષ્ટદેવની આજ્ઞાના પાલનમાં લેશ પણ છૂટ ચલાવી લેવા સ્વામીશ્રી તૈયાર જ નથી - (પ્રસંગો) - ઉપસંહાર.

૩. **શ્રીજીમહારાજે સમાજને આપેલ પવિત્ર સંતોનું અમૂલ્ય યોગદાન :** (૧) શ્રીજીમહારાજના સંતો એટલે સ્વામિનારાયણીય સંતો - એટલે પરમહંસો ‘જગથી નિરાળા’ (૨) ધર્મ-નિયમ, આજ્ઞા-ઉપાસના, પંચવર્તમાન પાલનમાં શૂરાપૂરા (પ્રસંગો) (૩) શ્રીજીમહારાજની આકરી કસોટીમાંથી સારધાર પાર ઊતર્યા - મહારાજે તેમને તાવ્યા છતાં ૧૧૪ પ્રકરણોમાંથી હેમખેમ પાર ઊતર્યા (પ્રસંગો) (૪) આવા વિરલ સંતોનું શ્રીજીમહારાજની આજ્ઞાથી સમાજમાં વિચરણ - મહારાજનો સંદેશો, મહારાજનું કાર્ય, મહારાજના સ્વરૂપનું જ્ઞાન, ધર્મ-નિયમ આ બધાના પ્રસાર-પ્રચાર માટે આ સંતોનું વિચરણ (પ્રસંગો) (૫) આ સંતોનું શ્રીજીમહારાજના કાર્યને આગળ ધપાવવા માટે રાત-દિવસ જોયા વગર વિચરણ - આ સંતોએ ખૂબ કષ્ટો વેઠ્યાં, બાવાઓના માર ખાધા, સ્ત્રીઓનો સ્પર્શ થઈ જવાથી ઉપવાસ પડ્યા છતાં સંયમપૂર્વક વર્તીને સ્વામિનારાયણ ભગવાનના કાર્યને આગળ વધાર્યું. (૬) વ્યસનમાંથી પ્રજાને છોડાવી, વહેમ અને વિષયના વમળમાંથી સમાજને ઉગાર્યો, સંસ્કાર, સેવા, સમર્પણની ગંગોત્રી વહાવી (પ્રસંગો) (૭) આ સંતોએ એક એવો સમાજ તૈયાર કર્યો કે અંગ્રેજ સલ્તનતના ધુરંધરો પણ મહારાજના આ સંતોના કાર્યથી પ્રભાવિત થયા (પ્રસંગો) આ સંતોની સામર્થી પણ અનંતગણી - છતાં ઈષ્ટદેવના દાસ બનીને રહ્યા - સંતોનું વર્તન ભલભલા રાજવીઓને પણ પ્રભાવિત કરતું - તેથી જ સમાજમાં શ્રીજીમહારાજના સંતોનું યોગદાન અમૂલ્ય છે. - ઉપસંહાર.

❑ ❑ ❑